જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૫૫/૧૮**

**સગીય વયની છોકરીને સન-૨૦૧૬ માં ભગાડી લઇ જનાર તથા વટવા પો.સ્ટે. એટ્રોસીટીના ગુનામાં ફરાર થયેલ આરોપીને પકડી, ભોગ બનનારને શોધી કાઢતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ.**

પોલીસ મહા નિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફથી ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધવા માટે તા.૦૧/૦૩/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ડ્રાઇવનુ આયોજન કરવામાં આવેલ હોય જે અનુસંધાનેઅમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરશ્રી નાઓની સુચના મુજબઅમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના સુચના/માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાંથી ગુમ થનેલ ૦ થી ૧૮ વર્ષના બાળકોને શોધી કાઢવા પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમના સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં ગુમ થયેલ બાળકોને શોધવા માટેની કામગીરી હાથ ધરેલ.

દરમ્યાન તા.૦૫/૦૩/૨૦૧૮ ના રોજ અ.હે.કો. હિતેન્દ્રસિંહ ખોડુભા બ.નં.૮૦૯૨ તથા હે.કો. વિજયસિંહ અદેસિંહ બ.નં.૫૧૮૦ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૫૫/૨૦૧૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ વિગેરે મુજબના કામમાં ભોગ બનનારને ભગાડી જનાર ઇસમ આકાશ કલ્યાણસીંગ રાજપુત ઉ.વ.૨૨નો ભોગ બનનાર તથા તેમની દિકરી સાથે વટવા, વેટીકન સીટી ચાર રસ્તા પાસે આવવાની ખાનગી બાતમી મળેલ હોય જે બાતમી આધારે વોચ ગોઠવી તેને તા.૦૫/૦૩/૧૮ ના રોજ પકડી પાડવામાં આવેલ અને સદર આરોપી તથા ભોગ બનનાર તથા તેમની દિકરીને તપાસ સારુ વટવા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાની તપાસના કામે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.સદર આરોપીની પુછપરછ દરમ્યાન પોતેએક-દોઢ વર્ષ અગાઉના અમદાવાદ ખાતે ભાડાના મકાનમા પોતાના માતા પિતા સાથે રહેતો હતો તે વખતે ભોગ બનનાર સાથે પ્રેમ સબંધ થયેલ અને આ અંગે પોતાના ઘરના સભ્યોને જાણ થતા ઝઘડો થયેલ. જેથી આરોપી તથા ભોગ બનનાર તા.૨૧/૧૧/૨૦૧૬ ના રોજ સવારના આઠ વાગે કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાં બેસી ઝાંસી થી ઉરઈ, યુ.પી. ખાતે ગયેલ હતા. અને ઉરઈ મુકામે રેલ્વે સ્ટેશન પાસે, કોંચ સ્ટેન્ડ ખાતે ભાડેથી મકાન

રાખી આરોપી ભોગ બનનાર સાથે રહેતો હતો ત્યારબાદ આરોપી ભોગ બનનાર સાથે અમદાવાદ ખાતે આવેલ.

તેમજ સન-૨૦૧૬ પોતે સદર ભોગ બનનાર સાથે ભાગી ગયેલ તેના થોડાક દિવસો પહેલા પોતાના તથા અન્ય સહ મિત્રો વિરુધ્ધમાં વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૪૮/૨૦૧૬ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ વિગેરે ફરીયાદ દાખલ થયેલ છે. જે ગુનામાં અન્ય આરોપીઓ પકડાઇ ગયેલ છે અને પોતે આજદિન સુધી નાસતો-ફરતો હોવાનુ જણાવેલ છે.

| આરોપી આકાશ રાજપુત |
| --- |
|  |

## રખીયાલ પોલીસ સ્ટેશનઃ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ પ્રોહી/જુગાર ના ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૦૬/૦૩/૧૮ ના રોજ અમો સિનીયર પોલીસ ઇંન્સ્પેક્ટર સી.આર.રાણા તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ બી.પી.ભેટારીયા તેમજ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. ખાતે હાજર હતા દરમ્યાન કલાક-૧૯/૧૫ વાગ્યે તે વખતે અ.પો.કો. નગાજણ અરજણભાઇ બ.ન.૮૮૬૭ નાઓને મળેલ બાતમી હકીકત આધારે રખિયાલ પો.સ્ટે.સેકંન્ડ ગુ.ર.નં.૩૦૨૪/૧૮ ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબના ગુનાના કામે આરોપી નં-(૧) મોહમદ શર્ફરાજ મોહમદ શફી જાતે પઠાણ ઉ.વ.૩૮ ધંધો-રી.ડ્રા. રહે-બ્લોક નં-૧૦૯/૫૫૭ ગુ.હા.બોર્ડ ચારોડીયા પોલીસ ચોકીની પાસે રખિયાલ અ.વાદ શહેર+૨૧=૨૨ નાઓ પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા નાણા રૂ.૧૭,૬૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૧૬ કિંરૂ.૨૭૦૦૦/- તથા પાના નંગ-૧૦૪ કિં.રૂ.૦૦/૦૦ તથા શેતરંજી નંગ-૨ કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિં.રૂ.૪૪,૬૦૦/- ની મત્તા સાથે મળી આવતા તેઓને કલાક ૨૨/૩૦ વાગ્યે પકડી અટક કરેલ છે.હાલ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.